Received on: 29/06/2020
Registered on: 29/06/2020
Decided on: 24/04/2026
Duration:0**5** YY **09** MM 2**6** DD

**જૂનાગઢના નામદાર પાંચમાં એડી. ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ. જૂનાગઢ.**
**<u>રેગ્યુલર સિવીલ અપીલ નં. ૧૭/૨૦૨૦.</u>**
**આંક– ૨૫**

**<u>એપેલેન્ટ :–</u>**
મેઘનાબેન ભાસ્કરભાઈ ત્રીવેદી,
ઉ.વ.૩૨, ધર્મે–હિન્દુ, ધંધો–નોકરી,
રહે. મોરારી નગર, લક્ષ્મીનગર સામે,
બ્લોક નં. ૧૭/૩૯, મુ. જૂનાગઢ.

**–: વિ રૂ ધ્ધ :–**

**<u>રીસ્પોન્ડન્ટસ :–</u>**
(૧) રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી વિભાગ,
મહાનગરપાલીકા જુનાગઢ.
(૨) દિપક નવનીતરાય પંડયા,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–નોકરી, ધર્મે–હિન્દુ,
રહે. નડીયાદ પીજ રોડ, વૈભવ એપાર્ટમેન્ટ,
બ્લોક નં.–૧૩, મુ. પો. નડીયાદ.

**<u>બાબત :–</u>** ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર ની કલમ ૯૬ અન્વયે વિદ્ધાન પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, જુનાગઢ ના રેગ્યુલર દિવાની દાવા નં. ૧૦૯/૧૮ ના કામે તા.૬/૬/૨૦૨૦ના જજમેન્ટ અને હુકમનામા સામે અપીલ.

-----------------------------------

એપેલેન્ટ તરફે વિ. વકીલશ્રી જે. એચ. ધમાણી.
રીસ્પોન્ડન્ટ નં.–૧ તરફે વિ. વકીલશ્રી એમ.સી.કામદાર.
રીસ્પોન્ડન્ટ નં.–૨ તરફે વિ. વકીલશ્રી સી.બી.સોનીગરા.

-----------------------------------

**–:: જ જ મે ન્ટ ::–**

(૧) હાલની અપીલ એપેલેન્ટ મુળ દાવાના વાદીએ રીસ્પોન્ડન્ટસ મુળ દાવાના પ્રતીવાદીઓ સામે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર ની કલમ ૯૬ હેઠળ વિદ્ધાન પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ, જુનાગઢ (જેને હવે પછી વિદ્ધાન ટ્રાયલ જજ અથવા વિદ્ધાન ટ્રાયલ કોર્ટ તરીકે સંબોધવામાં આવશે) ની કોર્ટમાં ચાલતા રેગ્યુલર દિવાની દાવા નં. ૧૦૯/૧૮ના કામે તા. ૬/૬/૨૦૨૦ના જજમેન્ટ અને હુકમનામા સામે દાખલ કરેલ છે. હાલની અપીલના પક્ષકારોને તેમના મુળ દાવાના સ્ટેટસ મુજબ સંબોધવામાં આવશે.

(૨) વાદી/એપેલેન્ટના મુળ દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદી તથા પ્રતીવાદી નં. ૨ પતી પત્ની છે અને વાદી અને પ્રતીવાદી નં. ૨ વચ્ચે છુટાછેડા થયેલા છે. વાદી સાથેના પ્રતીવાદી નં. ૨ના લગ્નજીવનથી તા. ૫/૭/૨૦૦૮ના રોજ જુનાગઢ મુકામે પુત્ર અર્કનો જન્મ થયેલો અને જન્મ મરણ નોંધણી વિભાગ, જુનાગઢના નોંધણી ક્રમાંક ૫૨૦૪ થી નોંધાયેલ છે. પ્રતીવાદી નં. ૨ની સાથેના છુટાછેડા થતા, વાદીએ પુત્ર અર્કની તમામ જવાબદારી ભરણપોષણ, શીક્ષણ વગેરેની સંભાળેલી હોય, પુત્ર અર્કના જન્મ પ્રમાણપત્રમાં પીતાના નામની જગ્યાએ માતાનું નામ દાખલ કરવા અને તે મુજબ જન્મના પ્રમાણપત્રમાં સુધારો કરી આપવા પ્રતીવાદી નં. ૧ને અરજ કરતા તેઓએ ઈન્કાર કરતા વાદીને દાવો કરવા ફરજ પડેલી છે અને વાદીના પુત્ર અર્કના નામની પાછળ પિતા તરીકે દિપકકુમાર નવનિતરાય પંડયા લખેલ છે તે જન્મપ્રમાણપત્ર ક્રમાંક નં. ૫૨૦૪માં પીતાના કોલમમાં સીંગલ પેરેન્ટ તરીકે વાદીનું મેઘનાબેન ત્રિવેદીનું નામ લખી તે મુજબનો જન્મનું પ્રમાણપત્ર કાઢી આપવા હુકમ કરવા અને દાદને આનુષંગીક અન્ય દાદો આપવા દાવો કરવામાં આવેલ હતો.

(૩) પ્રતિવાદીઓને સમન્સની યોગ્ય બજવણી થતા પ્રતીવાદી નં. ૧ તરફે આંક ૧૯ થી વાંધા રજુ થયેલ છે અને છુટાછેડાની શરતો મુજબ પીતાના નામ રદ કરવા કોઈ શરત રખાયેલ ન હોય દાવો રદ કરવા વીનંતી કરેલ છે.

પ્રતીવાદી નં. ર (બાળક અર્કના પીતા) તરફે આંક ર૩ થી તેઓ બાળકના કુદરતી વાલી હોય તેમનું નામ રદ થાય તો બાળકના કાયદેસરના હકકને અસર થતી હોય, દાવો રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) ઉકત પ્લીડીંગ આધારે આધારે વિ. ટ્રાયલ અદાલત દ્વારા આંક–૦૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

(1) Whether the plaintiff proves that he is entitled to get relief as prayed for ?

(2) What order and decree ?

(૫) ઉપરોકત મુદ્દાઓના જવાબો વિ. ટ્રાયલ કોર્ટે નીચે મુજબ આપેલા છે.

(૧) નકારમાં

(ર) આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત મુદ્દાઓ સંબંધે વિ. ટ્રાયલ કોર્ટએ બન્ને પક્ષકારો તરફે રજુ પુરાવાઓ જેમ કે વાદી પક્ષે આંક ૧૫ થી રજુ સરતપાસ અને આંક ૮ થી રજુ બાળક અર્કના જન્મ પ્રમાણપત્રની નકલ, આંક ૧૦ અને આંક ૧૧ થી રજુ ફેમીલી સ્યુટ નં. ૫૦/૧૭ના જજમેન્ટ અને હુકમનામની ખરીનકલ, આંક ૧ર થી રજુ વાદીએ પ્રતીવાદી નં. ૧ને જન્મપ્રમાણપત્રમાં સુધારો કરવા કરેલ અરજી અને આનુષંગીક દસ્તાવેજો તેમજ પ્રતીવાદી નં. ર તરફે રજુ મૌખીક પુરાવો આંક ૩૩ની સરતપાસ આધારે વાદીનો દાવો મંજુર કરેલ છે. જે હુકમથી નારાજ થઈને વાદી દ્વારા હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે.

(૭) એપેલેન્ટ/વાદીની અપીલના મુખ્ય કારણો જોવામાં આવે તો, તેઓ તરફે રજુઆત થયેલ છે કે,

(૭.૧) સદર કામ તા. ૩/૩/૨૦ થી તા. ૨/૬/૨૦ સુધી દલીલ પર ચાલતું હતું અને કોવીડ મહામારીને હીસાબે લોકડાઉન ચાલતું હોય નામદાર કોર્ટ તે વખતની ગાઈડલાઈન મુજબ ચાલતી હતી. તા. ૧૦/૬/૨૦ના રોજ કેસ સ્ટેટસ જોતા કેસ તા. ૬/૬/૨૦ના રોજ ફેસલ થયેલાનું જણાતા અને વાદીને દલીલ કરવાની તક મળેલ ન હોય, સીવીલ કોર્ટને નામદાર ગુજરાત હાઈકોર્ટએ ઠરાવેલ છે તે મુજબ સીંગલ પેરેન્ટસ અને બાયોલોજીકલ નેચરલ ગાર્ડીયનનું નામ સુધારવાનો હુકમ કરવા સત્તા છે તે બાબત સમજાવવાની તક ન મળેલ હોય, તા. ૬/૬/૨૦નો વિદ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ કુદરતી ન્યાયનો સિધ્ધાંત એટલે કે સાંભળવાની તક આપ્યા વીના કરેલ હોય, અનિયમિત અને દુષિત છે.

(૭.૨) વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના રીસ્પોન્ડન્ટ નં. ૨ અને વાદી વચ્ચે છુટાછેડા થઈ ગયેલ હોય, સીંગલ પેરેન્ટસ તરીકે પીતાના નામની પાછળ માતાનું નામ બાળકના પીતા સાથેના તમામ સબંધો પર પુર્ણવીરામ આવી જવાથી બાળક અર્કના નામની પાછળ પીતાનું નામ દિપક નવનીતરાય પંડયા જન્મના પ્રમાણપત્રમાં લખાયેલ છે તે જગ્યાએ માતા મેઘનાબેન ભાષ્કરભાઈ ત્રીવેદીનું નામ લખી તે મુજબનો સુધારો જન્મના દાખલામાં પ્રતીવાદી નં. ૧ કરી આપે તેવું વિજ્ઞાપન માંગતો દાવો નામંજુર કરેલ છે તે હુકમ અને હુકમનામું રદ કરી દાવો મંજુર કરવા હાલની અપીલ લાવી દાદ માંગેલ છે.

(૮) સામાવાળાઓને નોટીસ બજતા સામાવાળા નં. ૧ તરફે વિ. વ. શ્રી એમ. સી. કામદારનું વકીલપત્ર રજુ થયેલ છે અને આંક ૮ થી વાંધા રજુ થયેલ છે. તેઓ તરફે સીંગલ પેરેન્ટ તરીકે બાળક અર્કના પીતાના નામની કોલમમાં માતાનું નામ લખવા સામે તેમને વાંધો નથી તેમ જાહેર કરેલ છે.

વધુમાં સામાવાળા નં. ૨ તરફે વિ. વ. શ્રી સી. બી. સોનીગરા તરફે આંક ૧૪ થી વાંધા રજુ થયેલ છે જેમાં જણાવેલ છે કે, વાદી ધી સ્પેશીફીક રીલીફ એકટની કલમ ૩૪ મુજબનું દાવામાં માંગેલ વિજ્ઞાપન મેળવવા હકકદાર ન હોય, તેવું નામદાર ટ્રાયલ અદાલતે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરી યથાયોગ્ય અને ખરો નીર્ણય કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના વાદીપક્ષે રજુ રૂલીંગ હાલના દાવામાં સ્પષ્ટપણે લાગું પડે તેમ ન હોય, જન્મ મરણ નોંધણી અધીનીયમની જોગવાઈ મુજબ અન્યનું નામ કાઢી નાખી તેની જગ્યાએ અન્યનું નામ ઉમેરવાનું વિજ્ઞાપન આપવા દીવાની કોર્ટને સત્તા ન હોય, નામદાર ટ્રાયલ અદાલતના ચુકાદામાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કરવા લાયક ન હોય અપીલ ખર્ચ સહીત રદ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૯) એપેલેન્ટ તરફે આંક ૨૦ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. મુખ્યત્વે તેમની દલીલમાં રજુઆત કરેલ છે તે બાબતોનું આ ચુકાદામાં પુનરાવર્તનનો દોષ ટાળવા યથાયોગ્ય સ્થાને ચર્ચા કરવામાં આવશે.

એપેલેન્ટ તરફે તેમની અપીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટી રજુ રાખવામાં આવેલ છે.

(1) Registrar of Birth-Death Department VS. State of Gujarat & Ors. (2014 AIR (Guj) 112)

(2) Rashi Yogesh Sadariya- Since Minor Through Prachi Yogesh Trivedi VS. Director & 1. (Special Civil Application No. 12924 of 2015)

(3) Chhayaben @ Hetalben Atulbhai Asodariya VS. Registrar of Birth and Death /Chief Officer (2022 (4) GLR 3279)

(૧૦) ઉપરોકત વિગતો આધારે હાલની રજુ થયેલ અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

(૧) શું ટ્રાયલ કોર્ટના હુકમ તથા હુકમનામા તા.૦૬/૦૬/૨૦૨૦મા કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી છે ?

(૨) શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**:: મુદ્દાઓ નં. ૧ થી ૨ ના નિર્ણય માટેનાં કારણો ::**

(૧૨) વાદીએ દાવો વિજ્ઞાપન મેળવવા અંગેનો કરેલો છે. ટ્રાયલ અદાલતના રે. દિ. મું. નં. ૧૦૯/૧૮નું રેકર્ડ તપાસતા તા. ૩/૩/૨૦ના રોજ કામ દલીલ પર રાખવામાં આવેલ છે. તે બાદનું રોજકામ તા. ૬/૬/૨૦નું જોતા તા. ૨૫/૩/૨૦ થી તા. ૩૦/૬/૨૦ સુધી લોકડાઉન જાહેર થયેલ હોય, નામદાર હાઈકોર્ટના પત્ર ક્રમાંક આર.જી./૩૮/૨૦ અન્વયે ઠરાવ જાહેર કર્યો તેવું રોજકામ જણાય છે. આમ, સદર કામે દલીલના સ્ટેજ બાદ જજમેન્ટ બંને પક્ષોની દલીલ સાંભળ્યા વીના જજમેન્ટ જાહેર થયેલાનું જણાય છે.

(૧૨.૧) જેથી એપેલેન્ટ તરફે થયેલી રજુઆતને સમર્થન મળે છે કે આ કામે તેઓને સાંભળ્યા વીના ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

(૧૨.૨) વધુમાં વિ. ટ્રાયલ અદાલતનું રેકર્ડ જોતા વાદી તરફે દાવો તા.૧૨/૭/૨૦૧૮ રોજ દાખલ થયેલ હોય, પ્રતીવાદીને તા. ૩/૮/૧૭નો સમંસ કરવાનો હુકમ થયેલ અને તે વખતે માત્ર પ્રતીવાદી તરીકે રજીસ્ટ્રાર જન્મ મરણ નોંધણી વિભાગ, મહાનગરપાલીકા જુનાગઢ સામે દાવો થયેલ હોય તે હાજર ન રહેતા આંક ૧ નીચે વિ. ટ્રાયલ જજએ દાવો એકતરફી ચલાવવાનો ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ઓર્ડર ૯ રૂલ ૬ મુજબ હુકમ કરી આંક ૬ થી મુદ્દા ફ્રેમ થયેલ હતા.

આ તબકકે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ઓર્ડર ૧૪ રૂલ ૧ જોતા મુદ્દા ત્યારે ઉત્પન્ન થાય જયારે કોઈ વાસ્તવિક વિધાન કોઈ તથ્ય અગર કાનુનને લગતું એક પક્ષ તરફથી કરવામાં આવે અને બીજો પક્ષ તેનો ઈન્કાર કરે તેવી જોગવાઈ છે. આમ, પક્ષકારોમાં મતભેદ હોય તેવા પ્રશ્નો પર મુદ્દાઓ ઘડવામાં આવે છે.

(૧૨.૩) બાદમાં પ્રતીવાદી નં. ૧ તરફે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ઓર્ડર ૯ રૂલ ૭ મુજબ બાયપાર્ટી થતા આંક ૧૯ થી તેમનો જવાબ રજુ કરવામાં આવેલ છે. જે જવાબ જોતા વાદીના લગ્ન દીપકકુમાર સાથે થયેલા અંગે, બાળક અર્કના જન્મ થયા અંગે, જન્મ પ્રમાણપત્રની સાબીતી અંગે, વાદી સીંગલ પેરેન્ટ તરીકે પોતાનું નામ રાખવા હકક અધીકાર ધરાવતા હોવા અંગે, વાદીએ તેમના પતી દીપકકુમારને જોડેલ ન હોય જરૂરી પક્ષકારની ખામી બાબતે, સગીર બાળકનું કલ્યાણ માત્ર સીંગલ પેરેન્ટનું નામ રાખવાથી થતી અસરો અંગે તકરાર ઉપસ્થિત કરેલ છે.

(૧૨.૪) વધુમાં વાદીએ તેમના પતી દીપકકુમારને જોડેલ ન હોય જરૂરી પક્ષકારની ખામીની તકરાર પ્રતીવાદી નં. ૧ તરફથી લેવાતા અને ત્રાહીત પક્ષકાર તરીકે બાળક અર્કના પીતા તરફથી આંક ૨૫ થી અરજી આવતા તા. ૯/૭/૧૯ના હુકમ મુજબ પ્રતીવાદી નં. ૨ તરીકે પંડયા દિપક નવનીતભાઈને જોડવામાં આવેલ છે. જેઓ તરફે સુધારેલ દાવાઅરજી રજુ થયા બાદ જવાબ રજુ નથી પરંતુ તેઓના આંક ૨૩ના વાંધા જોવામાં આવે તો, તે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ઓર્ડર ૮ રૂલ ૧ મુજબ સમંસ બજાવવાની તારીખ બાદ રજુ થયેલ નથી. આમ, આંક ૨૩ના વાંધા પ્રતીવાદી નં. ૨ના જવાબ કાયદા મુજબ રજુ થયેલાનું જણાતું નથી. આમ, પ્રતીવાદી નં. ૨ તરફે આ કામે આંક ૩૩ થી પુરાવાનું સોગંદનામું રજુ થયેલ હોય વાંધો જોતા અર્કના પીતા તરીકે તેઓને વીજીટેશન રાઈટ મળેલાનું જણાવેલ હોય.

આમ, વાદીના દાવાની મુખ્ય તકરાર જોતા પ્રતીવાદી નં. ૧ બર્થ (જન્મ) રજીસ્ટ્રાર અને પ્રતીવાદી નં. ર (બાળક અર્કના પીતા) સામે વાદી કે જે પ્રતીવાદી નં. રનું નામ પ્રતીવાદી નં. ૧ની કચેરીના રજીસ્ટરમાં પીતાના નામની કોલમમાં સીં ગલ પેરેન્ટસ તરીકે વાદીનું નામ લખાવવા માંગે છે તેઓના કાનુની હેસિયત માટે ઈન્કાર કરવામાં હીત ધરાવતી વ્યકિત સામે દાવો માંડી શકશે તેવી ધી સ્પેશીફીક રીલીફ એકટ, ૧૯૬૩ની કલમ ૩૪ ની જોગવાઈ હોય. હાલના દાવામાં વાદીની સદર હેસીયતનો સામાપક્ષ દ્ધારા ઈન્કાર કરવામાં આવેલ નથી તેથી વાદી વિજ્ઞાપન મેળવવા હકકદાર નથી તેવું વિ. ટ્રાયલ અદાલતનું માનવું અને તે આધારે દાવો નામંજુર કરતો હુકમ કરેલ છે તેમાં ભુલ જણાય છે. વળી, આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ પક્ષકારોમાં મતભેદ હોય તેવા પ્રશ્નો પર મુદ્ધાઓ ઘડવામાં આવેલ ન હોય તે બાબત પણ આંક ૬ થી ઘડાયેલ મુદ્ધો જોતા જણાય આવે છે જેથી પણ ટ્રાયલ અદાલતનો ચુકાદામાં ભુલ જણાય છે. વળી, આ કામે આંક ૮ થી રજુ જન્મનું પ્રમાણપત્ર પ્રતીવાદી નં. ૧ નો આંક ૧૯ નો જવાબ રજુ થતા તકરાર ઉપસ્થિત થઈ હોય તે સંજોગોમાં સદર આંક ૮નો દસ્તાવેજ ટ્રુ કોપી હોય, પુરાવા અધીનીયમની કલમ ૬૧ થી ૬૫ ની જોગવાઈ જોતા, પ્રાથમીક દસ્તાવેજ ન હોય, ગૌણ પુરાવો કલમ ૬૫ (એ) થી (જી)ની જોગવાઈ મુજબ રજુ થયેલ નથી તેમ જણાય આવે છે. આમ, તકરારી દસ્તાવેજ આંક ૮ સબંધેનો પુરાવો પણ રેકર્ડમાં અગ્રાહ્ય હોય, દાવો નામંજુર કરતો હુકમ કરેલ છે તેમાં ભુલ જણાય છે. વધુમા ફેંસલો અને હુકમનામું કયારે જાહેર થાય તે બાબતે ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, કલમ ૩૩ સાથે વાંચતા ઓર્ડર ર૦ રૂલ ૧ જોતા કેસની સુનાવણી થઈ ગયા બાદ કોર્ટ તેના ફેંસલાની ઘોષણા કરશે. વધુમાં ચુકાદો જયારે ભવિષ્યમાં જાહેર કરવાનું અદાલત દિવસ નિશ્ચીત કરે ત્યારે પક્ષકારોને અને તેના પ્લીડર્સને નોટીસ કરવાની જોગવાઈ છે. આ કામે ટ્રાયલ અદાલતના રે. દિ. મું. નં. ૧૦૯/૧૮નું રેકર્ડ તપાસતા તા. ૩/૩/ર૦ના રોજ

કામ દલીલ પર રાખવામાં આવેલ છે. તે બાદનું રોજકામ તા. ૬/૬/૨૦નું જોતા તા. ૨૫/૩/૨૦ થી તા. ૩૦/૬/૨૦ સુધી લોકડાઉન જાહેર થયેલ હોય, નામદાર હાઈકોર્ટના પત્ર ક્રમાંક આર.જી./૩૮/૨૦ અન્વયે ઠરાવ જાહેર કર્યો તેમ જણાતું હોય, ચુકાદો જયારે ભવિષ્યમાં જાહેર કરવાનું અદાલત દિવસ નિશ્ચીત કરે ત્યારે પક્ષકારોને અને તેના પ્લીડર્સને નોટીસ કરવાની જોગવાઈનું પાલન થયેલ નથી. જેથી પણ દાવો નામંજુર કરતો ટ્રાયલ અદાલતનો હુકમ પક્ષકારોને સુનાવણીની તક આપ્યા વીના કરેલ હોય, ભુલભરેલો જણાય છે.

(૧૨.૫) આમ, ઉકત ચર્ચાના અંતે હું એવા તારણ પર આવું છું કે, રેગ્યુલર દિવાની દાવા નં. ૧૦૯/૧૮ના કામે તા. ૬/૬/૨૦૨૦ના જજમેન્ટ અને હુકમનામાને ઉલટાવી આ ચુકાદામાં ઠરાવેલ બાબતો સબંધે પક્ષકારોને જરૂરી તકો આપી પુન:સુનાવણી ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર ઓર્ડર ૪૧ રૂલ ૨૩– એ મુજબ ન્યાયના હીતમાં થાય તેમ જરૂરી જણાય છે. જેથી વિ. ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ ફેરફાર કરવો જરૂરી જણાતું હોય, ઉકત ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં** આપી અને **મુદ્દા નં. ૨ હેઠળ આખરી હુકમ** ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) હાલના એપેલન્ટસની(મુળ વાદીની) હાલની રેગ્યુલર દિવાની અપીલ નં. ૧૭/૨૦૨૦ આથી મંજુર કરવામાં આવે છે અને ટ્રાયલ અદાલતમાં રેગ્યુલર દિવાની દાવા નં. ૧૦૯/૧૮ ના કામે તા. ૬/૬/૨૦૨૦ના જજમેન્ટ અને હુકમનામા મુજબ વાદીનો દાવો નામંજુર કરતો હુકમ કરવામા આવેલ છે તે હુકમ આથી રદ કરવામાં આવે છે અને આ કેસ રીમાન્ડ કરવામાં આવે છે અને નવેસરથી ચલાવવાનો એટલે કે, પ્રતીવાદી નં. ૨ ને ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજરની જોગવાઈ મુજબ સમંસ ઈશ્યુ કરી, તેમનો જવાબ રેકર્ડ પર લઈ, પક્ષકારોમાં મતભેદ હોય તેવા પ્રશ્નો પર મુદ્દાઓ ઘડી તે સબંધે પુરાવો

નવેસરથી લઈ, ગુણદોષ પર યોગ્ય નિર્ણય કરવા માટે સદર દાવો ટ્રાયલ કોર્ટને ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર ઓર્ડર ૪૧ રૂલ ૨૩– એ રીમાન્ડ કરવામાં આવે છે.

(૨) વાદી તથા પ્રતીવાદીઓને વિ. ટ્રાયલ અદાલત સમક્ષ તા. ૦૧/૦૫/૨૦૨૬ના રોજ હાજર રહેવું અને તે બાદ ટ્રાયલ અદાલતે મુદ્દત નકકી કરી આ કેસનો નિકાલ યોગ્ય સમયગાળામાં કરવો.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૪) પક્ષકારોને થયેલ ખર્ચ તેઓએ જાતે ભોગવવો.

(૫) હાલના અપીલનો હુકમ રેકર્ડ સાથે નીચેની કોર્ટને પરત મોકલવો.

હુકમ આજરોજ તા. ૨૪, માહે એપ્રીલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૦૪/૨૦૨૬
જૂનાગઢ.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમાં અધિક ડીસ્ટ્રીકટ જજ
જૂનાગઢ.
જજ કોડ – જીજે. ૦૧૦૦૫